HF-112 Seat No.________

# B. A. (Sem. VI) Examination

## March / April - 2015

## Gujarati : Paper - CC - 607

## (ભાષા સ્વરૂપનો અભ્યાસ-૨)

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ ભારતીય-આર્ય ભાષાના વિકાસના વિભિન્ન તબક્કાઓનો વિગતે પરિચય કરાવો. ૧૪

અથવા

૧ ભારતીય-આર્ય ભાષાકુળનો પરિચય કરાવી એની વિકાસરેખા વર્ણવો.

૨ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ ક્યાંથી, ક્યારથી થયો તે દર્શાવી એના વિકાસની ત્રણેય ભૂમિકાઓનો પરિચય કરાવો. ૧૪

અથવા

૨ નીચેના પર ટૂંકનોંધ લખો :

(૧) સંયોગલોપ અને પૂર્વસ્વર દીર્ઘત્વ

(૨) મધ્યસ્થાનના અસંયુક્ત મહાપ્રાણ વ્યંજનોનું પરિવર્તન.

૩ ગુજરાતની મુખ્ય પ્રાદેશિક બોલીઓનો પરિચય કરાવી કોઈ પણ એક બોલીની લાક્ષણિકતાઓ ચર્ચો. ૧૪

અથવા

૩ નીચેના પર ટૂંકનોંધ લખો :

(૧) ગુજરાતી ભાષામાં પદક્રમ અને પદસંવાદ

(૨) ગુજરાતીની વચન વ્યવસ્થા અને તેના અર્થો.

૪ નીચેનામાંથી કોઈ પણ **બે** પર ટૂંકનોંધ લખો : ૧૪

(૧) કર્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગ.

(૨) સંયુક્ત ક્રિયાપદો

(૩) દ્વિરુક્ત પ્રયોગ અને રવાનુકારી શબ્દો

(૪) સમાસ રચના અને સમાસના મુખ્ય પ્રકારો.

૫ ટૂંકમાં જવાબ લખો : (ગમે તે **સાત**) ૧૪

(૧) ગુજરાતીના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ભૂમિકાનો સમયગાળો દર્શાવો.

(૨) 'ગુજરાતી ભાષા' એવો શબ્દપ્રયોગ કયા કવિની અને કઈ કૃતિમાં જોવા મળે છે ?

(૩) વિશ્વમાં કેટલાં ભાષાકુળો આવેલાં છે ?

(૪) 'ટ'નો 'ડ' અને 'પ'નો 'વ'નાં બે-બે ઉદાહરણ આપો.

(૫) 'અઈ' અને 'અઉ' પરિવર્તનનાં બે-બે ઉદાહરણ આપો.

(૬) ગુજરાતીના અસંયુક્ત અલ્પપ્રાણ વ્યંજનો જણાવો.

(૭) વાક્ય એટલે શું ? એના પ્રકારો જણાવો.

(૮) ગુજરાતી ભાષામાં લિંગ વ્યવસ્થા વિશે ટૂંકમાં સમજાવો.

(૯) ગુજરાતની મુખ્ય પ્રાદેશિક બોલી કેટલી અને કઈ કઈ છે ?

(૧૦) અનુગો તરીકે વપરાતા પ્રત્યયો કયા કયા છે ?

(૧૧) વિકારી અને અવિકારી નામો વિશે ટૂંકમાં સમજાવો.

(૧૨) ક્રિયાવિશેષણ એટલે શું ? એને ઉદાહરણ સહિત સમજાવો.